**તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના**
**વાઈરસના ચેપને નિવારવા સ્વૈચ્છિક**
**સંસ્થાઓનો સહયોગ લેવા બાબત.**

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
પરિપત્ર ક્રમાંક: એનસીવી–૧૦૨૦૨૦–૨૫૬–ગ
સચિવાલય, ગાંધીનગર
તા.૨૩/૦૩/૨૦૨૦

**પરિપત્ર:**

કોરોના વાઈરસ (COVID-19)ના ફેલાવાના કારણે સમગ્ર દેશ અને વિશ્વમાં અને તેના ભાગ રૂપે ગુજરાત રાજ્યમાં પણ કોરોના વાઈરસના પોઝિટિવ કેસો મળી આવેલ છે. આ વાઈરસનો ફેલાવો અટકે, લોકોને સમયસર સાચી માહિતી મળે અને જરૂરી સારવાર તથા સંસાધનો ઉપલબ્ધ થાય તે અંગે સરકારી તંત્ર કાર્યરત છે. આ કામગીરીને વેગવાન બનાવવા સ્વૈચ્છિક સંસ્થાઓ (NGO) આગળ આવે અને રોગચાળાને અટકાવવા માટે સૌના સામૂહિક પ્રયત્નોમાં પોતાનું યોગદાન આપે તે આવશ્યક છે, જેથી પરિસ્થિતિને સારી રીતે નિયંત્રણમાં લઈ શકાય.

સ્વૈચ્છિક સંસ્થાઓ સંગઠનો(જેવા કે રોટરી, લાન્સ કલબ, ચેમ્બર ઓફ કોમર્સ, ઈન્ડીયન મેડિકલ એસોસીએશન, એન.એસ.એસ., એન.સી.સી. વગેરે) આ કામગીરીમાં જોડાય અને નીચે દર્શાવ્યા મુજબના સંસાધનોનું યોગદાન આપે તેવી વિનંતી છે.

- સેનીટાઈઝર
- સાબુ/લીક્વીડ હેન્ડ વોશ
- ઈન્ફ્રા રેડ થર્મોમીટર
- માસ્ક (જરૂરીયાત મુજબ)
- ચેપનો ફેલાવો અટકાવવા માટે અન્ય કોઈ જરૂરીયાતની ચીજ–વસ્તુઓ/મદદ
- જનજાગૃતિ અને સ્વાસ્થ્ય સર્વેક્ષણ માટે સ્વયં–સેવકો

સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ઉપરોક્ત યોગદાન કેટલા જથ્થા/પ્રમાણમાં પૂરુ પાડવામાં આવશે તે અંગેની વિગતો ઈ–મેઈલ **covid19gujaratsacs@gmail.com** પર નીચે મુજબના પત્રક અનુસાર મોકલવા વિનંતી.

- સંસ્થાનું નામ:
- સરનામું:
- ટેલિફોન/મોબાઈલ નંબર:
- ઈ–મેઈલ:

**ટેબલ–અ**

| યોગદાનની ચીજ વસ્તુ | સંખ્યા |
|---|---|
| | |

**ટેબલ–બ**

| **સ્વયં સેવકોની કામગીરી (સ્વચ્છતા, બચાવ અને સારવાર અંગેની જનજાગૃતિ/સ્વાસ્થ્ય સર્વેક્ષણ માટે સહયોગ/સંસાધનોનું વિતરણ/અન્ય)** | **કામગીરી માટે પસંદગીનો વિસ્તાર** | **સ્વયં સેવકોની સંખ્યા** |
|---|---|---|
| | | |

કોરોના વાઇરસ સામેની લડાઇમાં બહોળી સંખ્યામાં સ્વૈચ્છિક સંસ્થાઓ યોગદાન આપે એવી અપીલ કરવામાં આવે છે.

(હરેશ પરમાર)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી(આરોગ્ય), કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ અધિક નિયામકશ્રી, કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯ ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. આ બાબતની રાજયમાં બહોળી પ્રસિદ્ધિ અર્થે.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી(તમામ)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦.